e.અસ્મિતા

ગુજરાતી સાહિત્ય અકાદમીનું મુખપત્ર

સંપાદક : પંચમ શુક્લ

અંક : 24 | 11 **ડિસેમ્બર** 2022

‘બીજા’ શબ્દોમાં –

• અભિમન્યુ આચાર્ય

જેમાંથી નીકળી શકવાની છૂટ ન હોય, એવા સંબંધનો કોઈ અર્થ નથી.

એ સંબંધ કોઈ પણ હોય—પતિ પત્નીનો, મિત્રોનો, કે પછી ભાષા સાથેનો સંબંધ. એક જ ભાષા જાણતા-પ્રયોજતા લોકો માટે કદાચ એ સંબંધ થોડો સરળ હશે, ગુજરાતીમાં જ જીવ્યા, ગુજરાતીમાં જ મર્યા જેવું. પણ ભારતમાં એવા બહુ ઓછા લોકો હશે જે એક જ ભાષા જાણતા હોય. મોટાભાગના લોકો ઓછામાં ઓછી બે ભાષાઓ તો બોલી જાણે છે. નસીબદાર હોય તો ત્રણ. અને એથી ય નસીબદાર હોય તો જેટલી ભાષા બોલી જાણતા હોય એ બધી જ ભાષાઓમાં લખી પણ શકે.

એકાધિક ભાષામાં લખતા લેખક માટે એક પ્રશ્ન વારંવાર સામે આવ્યા કરવાનો : “તમારી મૂળ ભાષા કઈ?”

આ પ્રશ્નનો ઉત્તર જેટલો ધારીએ છીએ એટલો સરળ નથી. મોટાભાગના લોકો માની લે છે કે માતૃભાષા એ જ મૂળ ભાષા. એલા ભઈ, જે ભાષામાં સપનાં આવે ઈ જ હાચી! પણ ભાષા પથ્થર જેવી નહિ, પાણી જેવી હોય છે. અડગ નથી રહેતી, વહ્યા કરે છે. વહ્યે જાય, જેમ જરૂર પડે એમ સ્વરૂપ બદલે. સ્વરૂપ શું, આખું ખોળિયું ય બદલે.

આ મૂળ ભાષાવાળો પ્રશ્ન છેલ્લાં થોડાં વર્ષોથી, જ્યારથી ગુજરાત છોડ્યું, ત્યારથી મારી સામે વારંવાર આવ્યો છે. નાનપણથી જ ગુજરાતી-અંગ્રેજી બંને ભાષાઓમાં હું લખતો-વાંચતો. સુરેન્દ્રનગરથી અમદાવાદ આવવાનું થયું ત્યારે એક સાહિત્યિક આબોહવા મળી, ગુજરાતીમાં લખતા લેખકો મળ્યા, અને ગુજરાતી લેખન વિકસ્યું. લખ્યું, છપાયું, એન્ડ સો ઓન.

પણ ગુજરાત છોડીને કર્ણાટક ભણવા જવાનું થયું એ સાથે જ અંગ્રેજીનું પલડું ભારે થઈ ગયું. આસપાસ સૌ કન્નડ અથવા અંગ્રેજી બોલે. અંગ્રેજીમાં લખતા લેખકો મળ્યા. મારી અભિવ્યક્તિની ભાષાએ સ્વરૂપ બદલવાનું શરૂ કર્યું. અંગ્રેજી લેખને વેગ પકડ્યો. બે વર્ષ કર્ણાટકમાં કાઢ્યા બાદ તરત જ કેનેડા આવવાનું થયું, અને ભાષાને ફરી એક વળાંક મળ્યો. અહીં તો ગુજરાતી જાણે છૂટી જ ગયું – બસ, ઘેર ફોન પર કે મિત્રો સાથે વાત કરું એટલા પૂરતું જ. એ સિવાય મારું લખવું, વાંચવું, બોલવું, બધું જ અંગ્રેજીમાં થવા માંડ્યું—જાણે મારી જાણ બહાર જ. ભાષાએ સ્વરૂપ નહિ, આખું ખોળિયું બદલ્યું. પહેલા ગુજરાતીમાં લખતો, અને પછી અંગ્રેજીમાં એનો અનુવાદ કરતો. છેલ્લા થોડા સમયથી અંગ્રેજીમાં પહેલા લખું છું, પછી એનો ગુજરાતીમાં અનુવાદ કરું છું.

છેલ્લી થોડીક વાર્તાઓ જે છપાઈ એ પહેલા અંગ્રેજીમાં લખેલી.

થોડા આરોપો ય લાદવામાં આવ્યા : “ભારતીય લેખક તો અંગ્રેજીમાં લખી જ ન શકે! તું કેમ લખે છે? જોજે, હવે તું સારું નહિ લખે! આપણી ભાષા એટલે આપણી ભાષા યાર! મા ને કેમ છોડાય?”

અકારણ ગ્લાનિ અનુભવાઈ. શું હું સાચા રસ્તે છું? કોઈ એક ભાષાને કચકચાવીને પકડી રાખવી કેટલી હિતાવહ? વળી, આપણે ભાષાને પસંદ કરીએ છીએ એવું માનવું ય ભૂલ છે. ભાષા આપણને પસંદ કરતી હોય એવી શક્યતાઓ વધારે નથી?

લેખક મૂંઝાય એટલે તરત પૂર્વસૂરિઓ તરફ નજર કરે. મારી પહેલા કોણે આ પ્રશ્ન ફેસ કરેલો? ગુજરાતીમાં અમુક નામો સામે આવ્યા : ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ દ્વિવેદી, ક.મા. મુનશી, સૌએ ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં પુસ્તકો લખેલાં છે. મરાઠીમાં અરુણ કોલટકર, દિલીપ ચિત્રે કે વિલાસ સારંગ જેવા સાહિત્યકારો છે જેઓ મરાઠી-અંગ્રેજી બંનેમાં લખતા. તમિલનાડુના એ.કે. રામાનુજન્ પણ છે, જે યુવાન વયે

અમેરિકા સ્થાયી થયા અને આજીવન અંગ્રેજીમાં પહેલા લખતા રહ્યા, તામિલ અને કન્નડમાં પછી. ગિરીશ કર્નાડ ય યાદ આવે, જેમના શરૂઆતનાં નાટકો કન્નડમાં લખાયેલા પણ જીવનના છેલ્લાં થોડાં વર્ષો તેઓ અંગ્રેજીમાં નાટકો લખતા થયેલા. આ સૌ તો અધવચ્ચેના, એકાધિક ભાષાઓમાં વિહાર કરનારા.

આ ઉપરાંત બીજા બે અંતિમો ના દાખલા પણ છે. નિર્મલ વર્મા (હિન્દી) અને યુ.આર. અનંતમૂર્તિ (કન્નડ) બંને ફાંકડું અંગ્રેજી જાણતા, એટલું ફાંકડું કે અંગ્રેજીમાં લખવું એમના માટે જરા ય અઘરું નહોતું. અને છતાં, આજીવન તેઓ પોતપોતાની માતૃભાષામાં જ લખતા રહ્યા. નિર્મલ વર્મા તો દસેક વર્ષ યુરોપમાં રહેલા, અને છતાં હિન્દીમાં જ લખવું તેમણે ચાલુ રાખ્યું. બીજી તરફ કિરણ નગરકર જેવા લેખકો ય છે, જેમણે પહેલું પુસ્તક મરાઠીમાં લખ્યું, અને એ પછીના બધા જ અંગ્રેજીમાં. તેમના અંગ્રેજી પુસ્તક માટે તેમને સાહિત્ય અકાદમી એવોર્ડ ય એનાયત થયેલો. વિશ્વસાહિત્યમાં ય આવા અનેક દાખલા મળે. સેમ્યુઅલ બેકેટ પોતે આઈરીશ હતા, પણ પહેલા ફ્રેંચમાં લખતા, પછી તેનો અંગ્રેજીમાં અનુવાદ કરતા. વ્લાદીમીર નાબોકોવ રશિયામાં હતા ત્યાં સુધી તેમણે રશિયનમાં લખ્યું, પણ અમેરિકા સ્થાયી થયા પછી તેમણે બધું જ સર્જન અંગ્રેજીમાં કર્યું. એવું જ મિલન કુન્દેરાનું. શરૂઆતની નવલકથાઓ ચેક ભાષામાં લખી, છેલ્લી થોડી ફ્રેંચમાં.

હું વાંચ્યા કરું છું, મારી મથામણોનો ઉકેલ શોધવા. અને એક પુસ્તક નજરે ચડે છે: જુમ્પા લાહિરીનું, ૨૦૧૫માં પ્રકાશિત, જેનું શીર્ષક છે – 'ઈન અધર વર્ડ્સ' (In Other Words).

*



પુસ્તક તરત નજરે ચડવાના બે કારણો છે : પહેલું તો એ કે પુસ્તક એકસાથે બે ભાષાઓમાં છપાયું છે. ડાબી તરફ ઈટાલિયનમાં, જમણી તરફ અંગ્રેજીમાં. બીજું કારણ છે શીર્ષક – ઈન અધર વર્ડ્સ. બીજા શબ્દોમાં.

જુમ્પા લાહિરીનું નામ આપણે ત્યાં અજાણ્યું નથી. ભારતીય મૂળનાં, પણ જેમનો જન્મ ઇંગ્લેન્ડમાં અને ઉછેર અમેરિકામાં થયો એવાં આ લેખિકા અનેક માનઅકરામ મેળવી ચૂકેલાં છે, જેમાં અમેરિકાના પ્રતિષ્ઠિત પુલીત્ઝર પ્રાઈઝનો પણ સમાવેશ થઈ જાય છે. તેમની નવલકથા 'નેમસેક' પરથી ફિલ્મ પણ બની છે, જેમાં ઈરફાન ખાન અને તબુએ અભિનય કર્યો છે. મેં લાહિરીની વાર્તાઓ આ પૂર્વે વાંચેલી. ખૂબ ગમેલી. પણ આ પુસ્તક જે મારા હાથમાં આવ્યું એમાં વાર્તાઓ નહોતી. લાહિરીનું આ પહેલું આત્મકથનાત્મક પુસ્તક છે જેમાં તેઓ ઈટાલિયન ભાષા સાથેની તેમની આત્મીયતાની વાત કરે છે.



પુસ્તક વાંચવાનું શરૂ કરતાં જ હું ચમક્યો—લાહિરીનો જુમ્પા લાહિરીનું નામ આપણે ત્યાં અજાણ્યું નથી. ભારતીય મૂળનાં, પણ જેમનો જન્મ ઇંગ્લેન્ડમાં અને ઉછેર અમેરિકામાં થયો એવાં આ લેખિકા અનેક માનઅકરામ મેળવી ચૂકેલાં છે, જેમાં અમેરિકાના પ્રતિષ્ઠિત પુલીત્ઝર પ્રાઈઝનો પણ સમાવેશ થઈ જાય છે. દાખલો બીજા બધા જ લેખકોથી અલગ હતો. પુસ્તકમાં લાહિરી પોતે ઈટાલિયન ભાષા કેવી રીતે શીખ્યા એની વાત કરે છે, અને પછી કેવી રીતે ઈટાલિયનમાં લખતાં થયાં એની. હું એવું માનીને ચાલી રહ્યો હતો કે પુસ્તક મૂળ અંગ્રેજીમાં લખાયેલું હશે, લાહિરીનાં બીજા પુસ્તકોની જેમ જ. પણ પુસ્તક વાંચતા સમજાયું કે એ મૂળ ઈટાલિયનમાં લખાયેલું હતું, અને અંગ્રેજીમાં તેનો અનુવાદ થયેલો હતો. લાહિરીના પુસ્તકે ભાષા વિશેની, અભિવ્યક્તિ વિશેની મારી પોતે બનાવેલી અને ઉછીની લીધેલી, બધી જ માન્યતાઓને પ્રશ્નાર્થ હેઠળ લાવી દીધી, અને એનાં અનેક કારણો છે.

મોટાભાગના લેખકો એકાધિક ભાષા જાણતા હોય એનું કારણ હોય છે. કોઈ એ ભાષા બોલાતી હોય એવા દેશમાં જઈ

વસે, તો કોઈના માટે ભાષા શીખવી એ રોજગારનો પ્રશ્ન હોય, તો કોઈને અલગ ભાષામાં શિક્ષણ મળ્યું હોય. પણ લાહિરીનો ઈટાલિયન સાથેનો સંબંધ આ બધાથી અલગ છે. ઈટાલિયન ભાષા શીખવાનું તેમની પાસે કોઈ કારણ નહોતું, ન તો એ સ્કૂલમાં ભણેલાં, ન તો તેમના માટે આ રોજગારનો પ્રશ્ન હતો, ન તે ઈટલી જઈને વસેલાં. તો પછી આ ભાષા શીખવાનું કારણ?

પ્રેમ.

લાહિરી જ્યારે સત્તાવીસ વર્ષના હતાં, ત્યારે એક કોલેજ ટ્રીપમાં ઈટલી ગયેલાં, અને એ વખતે આસપાસ ઈટાલિયન બોલાતું સાંભળી તેમને એ ભાષા સાથે પ્રેમ થઈ ગયો. પહેલી નજરનો પ્રેમ (કે પહેલા શ્રવણનો?). આમ જુઓ તો પ્રેમ એ કંઈ પણ કરવાનું કારણ નથી, પણ આમ જુઓ તો પ્રેમથી વિશેષ કંઈ પણ કરવાનું શું કારણ હોઈ શકે?

લાહિરી ઈટાલિયન માટેના તેમના ઝુરાપાની વાત કરે છે. કોઈ પ્રોષિતભર્તૃકાના જેવો જ એમનો ઝૂરાપો. ભાષા પોતાની તરફ લાહિરીને ખેંચ્યા કરે, અને લાહિરી ઈટલીથી, ઈટાલિયન ભાષાથી જોજનો દૂર, શું કરે? અમેરિકામાં રહ્યે રહ્યે એ ઈટાલિયન શીખવું શરૂ કરે છે, અને લગભગ વીસેક વર્ષ સુધી શીખ્યાં કરે છે. નવી ભાષા શીખવી શરૂ કરો, પણ જો ઉચિત વાતાવરણ ન હોય તો ભાષાને કાટ લાગવામાં વાર નથી લાગતી. મોટાભાગના લોકો કોઈ નવી ભાષા શીખે, પણ પછી એ ભાષા છૂટી જાય તો એ ફરી શીખવાનો પ્રયત્ન નથી કરતા. વીસ વર્ષમાં લાહિરી અનેક વાર ઈટાલિયન શીખવા પ્રયત્ન કરે છે, થોડુંઘણું શીખે છે, પણવારંવાર, ભીના સાબુની જેમ, ભાષા હાથમાંથી સરકી જાય છે. પણ લાહિરી, કોઈ અગમ્ય કારણોસર, ઈટાલિયન છોડી નથી શકતાં. આખા પુસ્તકમાં વીસ વર્ષના એ ભાષાકીય પ્રેમાશ્લેષનો, એ ખેંચ-તાણનો હિસાબ છે.

નવી ભાષાને તેઓ અનેક ઉપમાઓથી નવાજે છે. આખા પુસ્તકનું ગદ્ય એટલું કાવ્યાત્મક છે કે ગદ્ય-પદ્યના સીમાડાં પણ, ભાષા કે સ્વરૂપના સીમાડાની જેમ જ, એક સગવડ માત્ર છે એ વાતની ફરી એકવાર પ્રતીતિ થાય. વીસ વર્ષ ઈટાલિયન શીખવાના પ્રયત્નને લાહિરી તરવાના અનુભવ સાથે સરખાવે છે. તેઓ કહે છે, કે વીસ વર્ષ તેઓ ઈટાલિયન શીખતાં રહ્યાં પણ ક્યારે ય પારંગત ન થયાં કારણ કે હંમેશાં તેઓ અંગ્રેજી ભાષાનું લાઈફજેકેટ પહેરી રાખતાં. ડૂબવા આવો તો લાઈફજેકેટ તમને બચાવી લે. પણ તરતા શીખવું હોય તો લાઈફજેકેટ કાઢવું પડે. ડૂબવાનો ડર હોય તો તરતા ક્યારે ય ન આવડે.

ઈટાલિયન વિશેના પ્રેમની વાત કરતાં તેઓ કહે છે કે તેમની સ્થિતિ એકતરફી પ્રેમિકા જેવી જ રહી છે. આજીવન તેઓ ઈટાલિયન ભાષાને ચાહતાં રહ્યાં, પણ એ ભાષાએ તેમને ખૂબ પજવ્યાં. મચક જ ન આપે! તેમને ઈટાલિયનનો મોહ હતો, વળગણ હતું, વળગણ હતું એટલે એ ભાષાની જરૂર હતી. પણ ઈટાલિયનને શું? ભાષાને માણસની જરૂર થોડી હોય?

લાહિરી તેમણે અનુભવેલા અલગ અલગ ભાષાકીય દેશવટાની વાત કરે છે. બંગાળી મા-બાપ હંમેશાં એવી અપેક્ષા રાખતા કે દીકરી બંગાળી શીખે અને પારંગત થાય. પણ લાહિરી માત્ર બોલવાનું શીખ્યાં, એ ય કાચું પાકું. ઘર પરિવારમાં હંમેશાં તેમને ફોરેનર જેવો અનુભવ થતો. અમેરિકામાં તેમની ઓળખ ભારતીય તરીકેની, એટલે એ દેશના લોકો એવી અપેક્ષા રાખે કે લાહિરીની "મૂળ" ભાષા તો કોઈ ભારતીય ભાષા જ હોવી જોઈએ. લાહિરી સારું અંગ્રેજી બોલતાં લખતાં તો તેમના અમેરિકન મિત્રોને આશ્ચર્ય થતું. અમેરિકામાં પણ લોકોની અપેક્ષાઓએ તેમને ક્યારે ય અંગ્રેજી ભાષામાં સ્થિર થવા ન દીધાં. ત્યાં પણ ફોરેનર જેવું. અને બાકી હતું તો ઈટાલિયન ભાષા તરફ ખેંચાયાં, એવી ભાષા જેની સાથે નહાવા-નીચોવવાનો ય સંબંધ નહિ. અને ઈટલી જેટલી વાર જતાં, ઈટાલિયન શીખવાનો પ્રયત્ન કરતાં, ત્યારે ઈટાલિયન લોકો પણ તાકી તાકીને જોતા, વિચારતા : આ બહેન કેમ અમારી ભાષા શીખવા માંગે છે?

વધુ ન રહેવાતા ચુમ્માલીસ વર્ષની ઉંમરે, ઘર પરિવાર સાથે લાહિરી ઈટલીમાં રહેવા આવી જાય છે, અને બે વર્ષ ત્યાં જ રહે છે. આ બે વર્ષ તેઓ અંગ્રેજીમાં કંઈ જ ન લખવા-વાંચવા-બોલવાનું નક્કી કરે છે, પોતાની જાત પર જ પ્રતિબંધ મૂકે છે.

લાઈફજેકેટ છોડતાં જ ડર વધે છે, લાહિરીને લાગે છે તેઓ ડૂબી રહ્યાં છે, એટલે હવાતિયા મારે છે, હાથ-પગ જોરથી વીંઝવા શરૂ કરે છે. શબ્દકોશને સહારે, ઈટાલિયન મિત્રોને સહારે, ઈન્ટરનેટને સહારે, લાહિરી ધીરે ધીરે ઈટાલિયનમાં સ્થિર થાય છે. માથું પાણીની ઉપર રાખતાં તે શીખી જાય છે.

પારંગત બનવા તેઓ ઈટાલિયન લેખકોને વાંચવા શરૂ કરે છે. જેમને પોતે અનુવાદમાં વાંચેલા, એ સૌ લેખકોને તેઓ પહેલા વાંચે છે. સમજે છે, પણ થોડું થોડું. વાંચે છે, પણ ધીરે ધીરે. માણસ જ્યારે વાંચવાની શરૂઆત કરે ત્યારે હોય છે એવી સ્થિતિ લાહિરીની થાય છે. એ સ્થિતિમાં એક અનિશ્ચિતતા છે, એક ચંચળતા છે. પોતાની ચાલીસીમાં, બે બાળકોની માતા, અંગ્રેજીની પ્રતિષ્ઠિત લેખિકા, એક નવી ભાષાના સાવ અજાણ્યા પ્રદેશમાં વિહાર કરવા નીકળે પડે છે. એ નવી યાત્રાના ફળરૂપે તેમને ઘણું ય પ્રાપ્ત થાય છે: એક તો નવી ભાષામાં વાંચવાનો આનંદ. કલંકરહિત, કોઈ બાળક અનુભવે એવો આનંદ. અને બીજો, લેખક તરીકે થતો ફાયદો.

લાહિરી કહે છે કે કોઈ એક ભાષામાં પુસ્તકો લખ્યાં પછી, સ્થાપિત થયા પછી ભાગ્યે જ કોઈ નવી ભાષામાં લખવાની હિંમત કરે. કારણકે જેવું લખવું શરૂ કરશે કે લેખકને પોતાની અણઆવડતનો સામનો કરવો પડશે, અને એ તરત જ અસુરક્ષિત થઈ જશે. પણ નવા પ્રદેશમાં જવાના ફાયદા જણાવતાં લાહિરી કહે છે કે નવી ભાષામાં તેઓ વધારે ધ્યાનપૂર્વક વાંચે-લખે છે. જે ભાષા આવડે છે એને આપણે 'ફોર ગ્રાન્ટેડ' લઈએ છીએ, પણ જે નથી આવડતી એમાં બહુ ધ્યાનથી વાંચીએ છીએ. તેમની વાચક તરીકેની શક્તિઓ વિકસી છે, અને તેની અસર તેમના લેખનમાં પણ તરત નજરે પડે છે. ઈટાલિયનમાં લખતી વખતે લાહિરી પર કોઈ દબાણ નથી, કોઈ તેમની પાસે અપેક્ષા નથી રાખતું, કોઈ તેમના લખાણને ગંભીરતાથી ય નથી લેતું. ઈટાલિયનમાં લખવું એ તેમના માટે ખુલ્લા આકાશમાં ઉડવા સમાન છે. એક છુટકારાનો અનુભવ. ઈટાલિયનમાં લખતી વખતે લાહિરીનું સંપૂર્ણ ધ્યાન માત્ર એક વસ્તુ પર છે: એ રીતે વ્યક્ત થવું કે વાત સામેના માણસ સુધી પહોંચે. લાહિરી આ વાત સમજતાં જ કહે છે કે લેખકો આ પાયાની શરત બહુ જલદી ભૂલી જતા હોય છે. શૈલી, પ્રતીકો, ભાષાની રમતો, બધું જ પછી આવે છે. લખવાનો સૌપ્રથમ આશય એ છે કે વાત સમજાય. વાચકને પણ, પોતાને પણ.

અંગ્રેજી અને ઈટાલિયનમાં લખવા વચ્ચેનો તફાવત સમજાવતા લાહિરી કહે છે કે અંગ્રેજીમાં તેઓ ગાંડાની જેમ લખાણ વારંવાર સુધાર્યા કરે છે. લખે છે ઓછું, સુધારે છે વધારે. પણ ઈટાલિયનમાં તેઓ એક સૈનિક જેવા છે, જેનું કામ છે બસ આગળ વધવું. એના લીધે લખાણમાં એક સમય બાદ જે કૃતકતા ઘૂસી જતી હોય છે એનાથી લાહિરી બચી શક્યાં છે.

લાહિરી કહે છે કે સર્જનાત્મકતા માટે સલામતીથી મોટો ખતરો બીજો કોઈ નથી. અહીં તે જીવનની સલામતીની વાત નથી કરી રહ્યાં, પણ સર્જનાત્મક સલામતીની વાત કરી રહ્યાં છે. લેખકો એક ઘરેડમાં લખવા માંડે છે, જે પ્રકારનો પ્રવાહ હોય એમાં ફીટ થવા હવાતિયા મારે છે, સ્વરૂપની શક્યતાઓ તપાસવી બંધ કરી દે છે, જાતને પ્રશ્નો પૂછવાનું બંધ કરીને વાચકોને ઉત્તરો આપવાનું શરૂ કરી દે છે ત્યારે સમજી લેવું કે લેખકે સલામતીનું એક ઘર પોતાની આસપાસ રચી લીધું છે. એ ઘર છે, એ કેદ પણ છે. સર્જનાત્મકતા અસુરક્ષામાંથી આવે છે. ભાષાના બંધનો ગૂંગળાવવાનું શરૂ કરે, સ્વરૂપની દીવાલોને ધક્કો મારવાનું મન થાય એવા સંકુલ પ્રદેશોમાં સર્જનાત્મકતા ખીલે છે.

કોઈ એક ભાષામાં સ્થિર ન હોવાની વાતથી લાહિરીને પહેલા અસુરક્ષા હતી, પણ હવે તેને તેઓ એક શક્તિ ગણે છે. તેમને આવડતી ત્રણેય ભાષાઓમાં તેઓ એક ફોરેનર જેવો અનુભવ કરે છે, અને ક્યારેક બહારની વ્યક્તિ જે જોઈ શકે છે એ અંદરના માણસો નથી જોઈ શકતા. ફોરેનર પાસે એવો દૃષ્ટિકોણ હોય છે જે રહેવાસીઓ પાસે નથી હોતો.

લાહિરીનું પુસ્તક હું એકબેઠકે વાંચી જાઉં છું. પુસ્તક બંધ કરી, પેન્સિલને આંગળીઓ વચ્ચે રમાડતાં હું વિચાર્યા કરું છું. મગજમાં અનેક વિચારોના ફણગા ફૂટે છે. ગુજરાતી? અંગ્રેજી? બંને ભાષા! શા માટે હું જાતને બાંધુ? એ બધા જ પ્રશ્નો જે મને પજવી રહ્યા હતા, તે નજર સામે તરવરે છે. પણ સાથે જ, મારી સઘળી મૂંઝવણોનો જવાબ પણ તરત મારી આંખો આંખો સામે આવી જાય છે, જે પુસ્તકના સત્યાશીમાં પાના પર લખાયેલો છે : ભાષા ગૌણ છે, લખવું મહત્ત્વનું છે, કારણ કે શબ્દોનો અર્થ, માણસના અર્થની જેમ, અનંત છે.

સૌજન્ય : અભિમન્યુભાઈ આચાર્યની ફેઇસબૂક દીવાલેથી સાદર

===============

મન્તવ્યજ્યોત : સાક્ષરજીવન -સાહિત્યિકતા

• સુમન શાહ

સમસામયિક સાહિત્યિક વાતાવરણ વચ્ચે, મને લાગે છે કે નવ્ય 'સાક્ષરજીવન' લખવાનો સમય પાકી ગયો છે. સાક્ષરનું જીવન એટલે સાક્ષર કહેતાં સાહિત્યકાર સર્જક-કલાકારનું જીવન; એના જીવનની નીતિરીતિ; એનો લેખનધર્મ; એનો વ્યવહારધર્મ, એનાં દાયિત્વ વગેરેની નિરૂપણા. ગોવર્ધનરામે એ લખ્યું છે.

પણ વર્તમાન સંજોગોમાં એ સર્વથા 'નવ્ય' હોવું જોઇશે. મારાથી એ તો લખાશે ત્યારે ... પણ એની પૂર્વતૈયારી રૂપે કેટલાંક છૂટાંછવાયાં મન્તવ્યો રજૂ કરીશ.

વર્તમાન પરિદૃશ્યને જોતાં-અવલોકતાં, આપણ સૌએ ઓછામાં ઓછી ત્રણ સંજ્ઞાઓના સંકેતાર્થો વિશેની આપણી સંચિત સમજદારીમાં સુધારાવધારા કરી લેવાની જરૂરત છે :

સા હિ ત્યિ ક તા . વ સ્તુ લ ક્ષી તા . અંગતતા.

આજે, માત્ર સાહિત્યિકતા વિશે :

સાહિત્યિકતા, એટલે કે, લિટરરીનેસને આત્મસાત કરનારો જન સાહિત્યપુરુષ હોય છે. બીજા શબ્દોમાં એમ કહેવાય કે રસાનન્દ અને કલાસૌન્દર્યને આત્મસાત કરનારો જન સાહિત્યપુરુષ હોય છે. એને સર્જક-કલાકાર પણ કહી શકીએ.

એના તમામ સાહિત્યિક વ્યવહારોમાં સરળતા અને સંવાદિતા અને આકર્ષક રસવૃત્તિ જોવા મળે છે, સૌથી સહજપણે અનુભવાય છે :

૧ :

એ, એટલે કે સર્જક-કલાકાર, હમેશાં સાહિત્યિકતાની શોધમાં અને ખેવનામાં રત રહેતો હોય છે. એ માટે એ ઘરદીવડાનાં ઝાંખાંપાખાં અજવાળામાં ફાંફાં નથી મારતો; પોતાના સાહિત્યમાં તો નહીં જ નહીં પણ પોતાની ભાષાના સાહિત્યસંસારમાં પણ પુરાઇને નથી બેસી રહેતો, એ વિશ્વસાહિત્યમાં જ્યાં એની ચાંચ બૂડે ત્યાં મચી પડે છે, એટલે કે, સમ્પ્રાપ્ત કૂજામાં કંકર નાખીને એ જળને પામવાની મથામણ કરે છે.

સ્વ-તા એનો પ્રાણ કહેવાય પણ એને ભાન રહે છે કે સ્વ-તા પ્રાણઘાતક પણ નીવડી શકે છે. એ અહંભાવી હોય એ એનું ભૂષણ ગણાય પણ એને ખબર હોય છે કે અહંકાર ઊંડી ખાઈ છે, જેમાં ઊંડે ને ઊંડે ઊતરવા સિવાયનો અન્ય કોઈ માર્ગ હોતો નથી.

૨:

એ હમેશાં સાહિત્યિક સંવાદ ચાલુ રાખે છે. એ હમેશાં સાહિત્યિક પત્રવ્યવહાર જાળવે છે અને સામાને ઉત્તર આપે છે – મૂંગો રહીને મોટાઈના માંચડે બેસી નથી રહેતો. એ પોતાને નીવડેલો નથી માનતો તેમ નવોદિતને નવોદિત નથી માનતો; પોતાને ઉચ્ચ અને બીજાને નીચ, પોતાને સિદ્ધ અને બીજાને અ-સિદ્ધ, પોતાને ડુંગર અને બીજાને તરણું, ના, નથી માનતો. એને એ હકીકતનો છોછ નથી હોતો કે એની બાજુમાં સાવ જ નવોદિતની કૃતિને સ્થાન અપાયું છે. નવોદિતને એ પ્રેમભરી હૂંફ આપે છે, નવોદિતના ઉત્કર્ષ માટે પોતે ઉત્સાહમાં રહે છે.

સર્જક-કલાકાર સોશ્યલ મીડિયા અને ઇન્ડિવિડ્યુઅલ મીડિયાના લાભાલાભ સમજતો હોય છે છતાં ફેસબુક વગેરે અધુનાતન પ્લૅટફૉર્મ્સની આભડછેટ નથી રાખતો.

એ સજ્જનને તો જિસસને મળેલું એવું ખોવાયેલું ઘેટું મળી ગયેલું, ખુશ રહૅ બચ્ચા, કહીને ખભે સુવાડીને જતો'તો, પણ પાખંડીઓએ એને કૂતરું ઠેરવ્યું. અન્ય પ્રાણીનો પોતા પર પડછાયો પડતાં મિથ્યાચારીઓ જ ન્હાવા બેસી જાય છે. સર્જક-કલાકાર હર કોઇ પ્લૅટફૉર્મને સ્વચ્છ ગણે છે.

એ સઘળી ઉચ્ચાવચ શ્રેણીઓથી મુક્ત હોય છે. જો એમ ન હોય, તો એ દિશામાં જાતને સક્રિય રાખવાની એ પ્રામાણિક કોશિશ કરતો હોય છે.

3:

સામાન્યપણે એ પોતાનાં સાહિત્યિક નામકામને જાતે ને જાતે આગળ નથી કરતો, કે એ માટેની પેરવીઓ નથી કરતો, કે પેરવીઓ માટે પોતાની સામાજિક વ્યક્તિતા કે પદ-પ્રતિષ્ઠાને

વ્યાપારવતી નથી બનાવતો. પોતાની સ્તુતિ થાય એ માટે સમીક્ષકોને આડાંતેડાં પ્રલોભનો આપીને લલચાવતો નથી.

પોતાના સ્વીકારનું કામ એણે સહૃદયસમાજ પર તેમ જ સમીક્ષકમંડળી પર છોડ્યું હોય છે, સાહિત્યિક સંસ્કૃતિનાં પાલક અને સંરક્ષક હોવાનો દાવો કરતાં સંસ્થા-સંસ્થાપનો પર પણ છોડ્યું હોય છે.

૪:

આ રીતભાત અનુસાર, એ કદી ફરિયાદ નથી કરતો કે – મારાં નામકામનો બીજાઓ ઉલ્લેખ કેમ નથી કરતા, ઉલ્લેખ કરે છે તો મારી સમ્મતિ કેમ નથી મેળવતા, સમ્મતિ મેળવે છે તો હું કહું એ પ્રકારે ઉલ્લેખને રચતા-મઠારતા કેમ નથી. વગેરે એ નથી કરતો. કોઈ જન સામેથી એનાં નામકામના નિર્દેશ કરે, સમીક્ષા કરે, તો ખાસ કારણ વિના એ મૌન સેવે છે. અલબત્ત, સમ્યક સમીક્ષાને વધાવી લે છે ને આભારવશ રહે છે.

૫:

પોતે કવિ તરીકે ઝિલાયો એનો અર્થ એ એવો નથી કરતો કે પોતે માત્ર કવિ જ છે અને હમેશાં છે. એવી ઠાંસનો માર્યો એ જો પોતાને બધે વર્તતો લાગે, તો શરમાય છે. કેમ કે એને મન બધી જ સાહિત્યકલાવિદ્યાઓનું સરખું ગૌરવ હોય છે. એ જાણે છે કે કવિતાને જ શ્રેષ્ઠ વિદ્યા ગણ્યા કરવી એ ડાબલા પ્હૅરી લેવા જેવું લૉપસાઇડેડ વર્તન છે. બલકે એ ડેડ નૅરેટિવની કે ગૉખલાના દેવની પૂજા કરવા જેવું વૃથા છે.

સર્જન લેખન અધ્યાપન સમીક્ષા અનુવાદ સાહિત્યપરક પત્રકારત્વ વગેરે પોતાનાં બધાં જ કામોને એ સરખી કોટિનાં ગણે છે.

૬:

પોતાની નબળી રચનાને એ કદી સૂર્યપ્રકાશમાં કે અન્ય પ્રકાશમાં નથી મૂકતો. એ ચેષ્ટા એ ત્યારે જ કરે છે જ્યારે એને અમુક કક્ષાની કૃતિસમ્પન્નતાની આત્મપ્રતીતિ થઈ હોય છે. પોતાની રચના પર એવી આત્મપ્રતીતિનું તાળું માર્યા પછી જ સમ્પાદકને કે સમીક્ષકને ધરે છે. પોતાના અધબોબડા સર્જનકર્મને હરાયા ઢોરની જેમ સાહિત્યસમાજમાં ફરતું નથી કરતો. આત્મપ્રતીતિના આવા ધૉરણે, એની કૃતિ કદી નવી કે જૂની નથી હોતી – અલબત્ત, સદ્‌ગૃહસ્થની જેમ માગણને પણ એ ઉચ્છિષ્ટ જ ધરે છે ન વાસી કે છાંડેલું.

= = =

(Dec 1, 2022 : USA)

સૌજન્ય : સુમનભાઈ શાહની ફેઇસબૂક દીવાલેથી સાદર

મારી આંતર–સમૃદ્ધિ ખૂબ વધી છે, વધશે અને આપની પણ વધો

• સંજય સ્વાતિ ભાવે

(પ્રતિભાવ-પ્રવચન 2, પરિસંવાદ, 'સાહિત્યત્વ' સંદર્ભે વિશ્વસાહિત્ય, તા. 24-08-2022, ગૂજરાત વિદ્યાપીઠ)

મંચ પરના સહુ મહાનુભાવો અને વિદ્યાર્થીગણ,

મને ખબર છે સમય ઘણો ગયો છે.

કાર્યક્રમ લંબાય ત્યારે વિદ્યાર્થીઓની મનઃસ્થિતિ સારી રીતે જાણતો હોઉં છું. ખાસ કરીને પલાંઠી વાળીને જ્યારે બેસવાનું આવે ત્યારે. પણ મને પંચમભાઈએ એવું કીધું કે તમે પ્રતિભાવ આપજો. મેં કીધું કે હા, હું વાત કરીશ, કારણ કે એક નવું પુસ્તક આવે એનો આપણા મનમાં ઉમળકો હોય. પ્રતિભાવ જવા દો, પણ હું પુસ્તક વિષે જે જે લાગ્યું એ અંગે મારી વાત બહુ ખુશીથી શૅર કરીશ.

સૌથી પહેલાં તો મંચ પરના સહુ, આપણે એકબીજાને જાણીએ છીએ એટલે સીધી પુસ્તકની વાત પર આવું તો મારે કહેવું છે કે આ પુસ્તકના સંપાદકો, બે સંપાદક કહેવાય છે. એક, અદમ ટંકારવી, જેને આપણે ઓનલાઇન સાંભળ્યા અને બીજા અહીંયા બેઠા છે એ પંચમભાઈ શુક્લ, તેઓ અત્યારે પરિસંવાદમાં ઉપસ્થિત ન રહી શકનારા અધ્યક્ષ ચંદ્રકાન્ત ટોપીવાળાનું વ્યાખ્યાન વાંચી ગયા. પંચમભાઈ, તમારું અને અદમભાઇનું અહીં પરદા પાછળનું કામ છે. આપ બંનેનું ખૂબ અભિવાદન કરું છું. પંચમભાઈનું આમ ભલે અહીંયા નામ છે પણ વકતા નથી. એ ધારે તો સૌથી વધારે કે સૌથી સરસ બોલી શકે, કારણ કે સંપાદન પાછળ ખૂબ મહેનત અદમભાઈ સાથે પંચમભાઈએ કરી હશે કે આવું સરસ પુસ્તક આપણને આપ્યું.

આ પુસ્તક એટલું સરસ છે .... પુસ્તક હાથમાં પકડી બહારથી જોઉં તો પણ મને ખૂબ આકર્ષે છે. મુખપૃષ્ઠ પર નોબેલ અકૅડમીનું મકાન અને ઉપસી રહેલો ચંદ્રક છે અને સરસ રંગ સોહે છે. આ પુસ્તકને લઈને તેને અંતિમ ઓપ આપનાર કેતન રુપેરાએ સંચાલનમાં વચ્ચે વચ્ચે વાત કરી. મને સૌથી વધારે જે મજા આવીને એ છે પુસ્તકનું નામ. ‘સાહિત્યત્વ’—આ શબ્દ સાહિત્યકારોએ, વિવેચકોએ સાંભળ્યો હશે, પણ મેં આ શબ્દ સાંભળ્યો નહોતો. ‘સાહિત્ય-તત્ત્વ’ મને ખબર હતી પણ સાહિત્યત્વ શબ્દ, આ બંને સંપાદકો અને આ પુસ્તક કરનારા લોકોએ ગુજરાતી ભાષાને આપ્યો છે. I will cherish that word. આ શબ્દ મારા હૃદયમાં અનુભવી રહ્યો છું. કાર્યક્રમની શરૂઆતમાં કેતને વાત કરી એ પ્રમાણે યોગાનુયોગ આજે નર્મદની જન્મજયંતી છે. નર્મદને આપણે બીજી ઘણી રીતે યાદ કરીએ છીએ. બહુ માનપૂર્વક યાદ કરીએ છીએ પણ આજે એની ‘કસ્તૂરી’ સાહિત્યત્વ શબ્દના સંદર્ભમાં એ છે કે—હું ભાષાશાસ્ત્રી નથી, પણ ગુજરાતી સાહિત્ય મારું છે ને નથી પણ. ખોટો હોઉં તો માફ કરજો પણ—ગુજરાતી ભાષાનો પહેલો systematic, પદ્ધતિસરનો કોશ, ચાર ભાગમાં, નામે ‘નર્મકોશ’, નર્મદે આપણને આપ્યો. ભાષા વિશેની આવી સભાનતા 28 વર્ષની વયે! મારી 55-56 વર્ષની જિંદગી છે, 28 વર્ષની વયે આ માણસે આપણને ગુજરાતી ભાષાનો શબ્દકોશ આપ્યો! આ પુસ્તક થકી આપણને ‘સાહિત્યત્વ’ નામે એક નવો શબ્દ મળે છે.



આ પુસ્તકમાંથી હું જ્યારે પસાર થતો હતો—પુસ્તક આખું વાંચ્યું એમ કહેવું એ મારા માટે જવાબદારી અને જોખમભર્યું કામ છે, કારણ કે પુસ્તક આખું વાંચ્યું એ કંઈક બીજી જ વાત છે. એના અનુવાદ વિશે judgmental બનવું, અનુવાદ વિશે categorical statement કરવું કે અનુવાદ સરસ છે કે આવું કંઈક કહેવું એ બહુ જવાબદારીભર્યું કામ હોય છે કારણ કે આવું જ્યારે આપણે, હું કહેતો હોઉં ત્યારે મૂળ અને અનુવાદ બંને મોટા હિસ્સામાં સરખાયેલા હોવા જોઈએ. આવી મારી પોતાની એક સમજ છે એટલે હું કહીશ કે પુસ્તકનાં પાનાં મેં ફેરવ્યા છે—ત્યારની મારી જે ઇમ્પ્રેશન છે, તે વિશેની વાત કહીશ.

આ પુસ્તક વિપુલભાઈ કલ્યાણીને અર્પણ કરાયું છે. આપણે એમને અહીંયાં વીડિયો રેકોર્ડિંગમાં જોયા-સાંભળ્યા. વિપુલભાઈ કલ્યાણી ... થોડું લંબાવું તો માફ કરજો. વિપુલભાઈ કલ્યાણી માટે ‘અર્પણ’માં લખ્યું છે કે “બ્રિટિશ ગુજરાતીઓ ગુજરાતી સાંભળે, બોલે, વાંચે, લખે, જીવે તે માટે એમણે કરેલ અથાગ પુરુષાર્થની કદરરૂપે ...” હું હજી ઉમેરીશ કે ગુજરાતીઓને, દેશાવરનાં કે એમના દેશનાં—‘ઓપિનિયન’માં મેં એક સરસ શબ્દ વાંચ્યો હતો, એ શબ્દ છે ‘વસાહતીનો જન ગણ મન’, [પંચમભાઈ સામું જોઈને] બરાબર?! એ જન ગણ મન ‘ઓપિનિયન’ થકી સરજ્યું અને માત્ર ભાષા નહીં ... ના ભૂલીએ કે વિપુલભાઇએ એક Value System .... Humanity, Equality, fraternity, Secularism – આ મૂલ્યોનું જતન કર્યું છે. ‘ઓપિનિયન ઓનલાઇન’ થકી અત્યારે 80 વર્ષની ઉંમરે પણ એ કરી રહ્યા છે. એટલે કદાચ, વિપુલભાઈ જેવા વ્યક્તિને અર્પણ થયું છે, બહુ યોગ્ય વ્યક્તિને અર્પણ થયું છે.

મારે એ પણ કહેવું જોઈએ કે આ પુસ્તકમાંથી જ્યારે પસાર થતો હતો ત્યારે કેટલા બધા દેશો, કેટલાં બધાં નામો, કેટલી બધી સંસ્કૃતિઓ, કેટલા બધા પ્રદેશો ... આપણે ફિલ્મ થકી જેવી રીતે જોઈએ એવી રીતે આ વ્યાખ્યાનો થકી, આ પુસ્તક થકી હું જોતો રહ્યો છું એનો મને આનંદ છે. ચંદ્રકાન્ત ટોપીવાળાએ વ્યાખ્યાનમાં બહુ ટૂંકમાં, પણ બહુ precisely, પુસ્તકમાં જે value addition કર્યાં છે સંપાદકોએ અને કેતન રુપેરાએ—

કેતન રુપેરાને હંમેશાં હું ‘છાપેલાં પાનાં પાછળનો કલાકાર’ કહેતો હોઉં છું—જેને પૂરક સામગ્રી કહેવામાં આવે છે તેની નોંધ લીધી છે. પુસ્તકને વાંચનીય બનાવવામાં તેનો મોટો ફાળો હોય છે. એ વાતને repeat નથી કરતો પણ એમણે બીજી જે વાત કરી છે, ઉચ્ચારણને લઈને, અને ક્યારેક વિવિધ ભાષી multi cultural contextમાં જ્યારે વાત કરતાં હોઈએ ત્યારે શબ્દોના proper nounsના, વ્યક્તિવાચક nounsના ઉચ્ચારો બહુ મહત્ત્વના હોય છે. **Anton Chekhov** માટે ગુજરાતીમાં ‘ચેખવ’ બોલશો કે ચેહક બોલશો? [હસમુખ] બારાડીસાહેબ ચેહક કહે છે. ઘણા બધા ચેખવ કરે છે. એ જ રીતે [જર્મન કવિ Johann Wolfgang von Goethe માટે] ‘ગટે’ અને ‘ગથે’. ઉમાશંકર કદાચ ગટે કરે છે. તો આ proper nounsનું standardization / પ્રમાણીકરણ કરવું અને એ accept કરવું એ કેતને કર્યું છે. કેતને British Accent accept કરેલા છે અને ગુજરાતીમાં એનું સંવૃત્ત અને વિવૃત્ત માત્રાની સાથે, જોડાક્ષર સાથે લિપિયાંતર કરવું એ આ સંપાદકમંડળ માટે બહુ મહત્ત્વનું હોય છે અને એ એમણે બહુ જવાબદારીપૂર્વક, બહુ સભાનતાપૂર્વક કરેલું છે.

અશોક વિદ્વાંસના અનુવાદમાંથી હું અમસ્તો પસાર થતો હતો … સહેજ ધીરજ રાખજો. થોડી મજાની આ વાત છે. એમાં નેડીન ગોર્ડિમર[1], સાઉથ આફ્રિકન લેખક અંગ્રેજીમાં લખનારા, પહેલું જ વાક્ય અશોક વિદ્વાંસે આવું કર્યું છે, “નાદ-બ્રહ્મ સ્વરૂપે શબ્દ ઈશ્વરને આધીન હતો, એનું અસ્તિત્વ સર્જનમાં સમાયેલું હતું ….” એટલે અનુવાદનો સાંસ્કૃતિક પરિવેશ. આ વિચાર મારા મનમાં આવી ગયો. [વિદ્યાર્થીગણને ઉદ્દેશીને] સમજો છો ને તમે? નેડીન ગોર્ડીમર, સાઉથ આફ્રિકાના ઇંગ્લિશમાં લખતા લેખક, એના માટે આ ભારતીય દર્શનની પાર્શ્વભૂમિ હશે કે કેમ? ‘નાદ-બ્રહ્મ’ અથવા ‘બ્રહ્મન’ એ શબ્દ ભારતીય દર્શનનો છે. બરાબર ને! અને નેડીન ગોર્ડીમરના સમસ્ત જીવન પર, આ વાંચતાં વાંચતાં મેં નજર ફેરવી તો ભારતીય દર્શનોના અભ્યાસનો કોઈ નિર્દેશ મને મળતો નથી. એટલે ‘નાદ-બ્રહ્મ’ એ ક્યાંથી આવ્યું એ મને સહેજ ઉત્સુકતા હતી. પછી હું મૂળમાં ગયો. એ વાક્યના મૂળ અંગ્રેજીના બે જ વાક્ય અહીંયાં ટાંકીશ. ‘The word was with God, signify God’s world. The World that was creation.’[2] એટલે સાંસ્કૃતિક પરિવેશ, એક સાંસ્કૃતિક પરિવેશનાં શબ્દને બીજામાં કેવી રીતે મૂકવો, એનું આ બહુ રસપ્રદ દૃષ્ટાંત છે. હવે એનાં સાચા-ખોટાનાં લેખાંજોખાંનાં experts હશે. પણ મારી સમજમાં આ પુસ્તક બહુ જ રસપ્રદ પ્રકારનું રૂપાંતરણ છે.

બીજો એક અનુવાદ. દારિયો ફો-નો અનુવાદ મેં વાંચ્યો, તો એમાં વ્યાખ્યાનની અંદર ચિત્રો પણ reproduce કર્યાં છે. દારિયો ફો ઇટાલિયન લેખક છે[3] અને બહુ ક્રાંતિકારી લેખક છે. મજાકિયા gesture કરનારા લેખક છે. એમનું મોંઘવારી પરનું એક નાટક હિન્દીમાં ખૂબ પ્રસિદ્ધ થયેલું. તો એમના વક્તવ્યનો પ્રારંભ આમ છે : “વિદૂષકો, કે જે ઠઠ્ઠા મશ્કરી અને અપમાન કરે છે, તેના વિરોધમાં” એટલે મને થયું કે આ શબ્દક્રમ કંઈક ગરબડિયો છે. આમ કેમ? હું હોઉં તો કદાચ એવું કરું કે “જે ઠઠ્ઠા-મશ્કરી મજાક કરે એવા વિદૂષકોના વિરોધમાં” પણ હું મૂળ વ્યાખ્યાનમાં ગયો અને મને સમજાયું કે આ જે exact phrase કે જેનો ઉલ્લેખ ટોપીવાળાએ કર્યો છે આ exact phrase વિશેષણનો શબ્દસમૂહ જ્યાં મૂક્યો છે, એ બરાબર વિદૂષકોને ઉપસાવવા માટે ત્યાં મૂકેલો હતો. અનુવાદ કેવી રીતે થાય છે તેનો બીજો એક રસપ્રદ દાખલો હું અહીં આપીશ. આમાં એક પ્રયોગ આવે છે.

બૂડ બૂડ બૂડ બૂડ બોલે છાલક. એમાં બેઠેલા લોકો ડૂબ્યા.

હવે સવાલ એ આવે છે કે આનું ઇંગ્લિશ શું હશે? ઇંગ્લિશમાં તો ‘બૂડ બૂડ …’ હોય નહીં, તો શું? તો ત્યાં લખ્યું છે burble burble and splash. બૂડ બૂડ બૂડ છાલક, બરાબર! એટલે અનુવાદકો કેવા પ્રકારની સર્જક્તા વાપરી શકે છે. ભાષાના કેવા નવા પ્રયોગો તમને આપી શકે છે એનો આ દાખલો છે.

Value additionની મેં તમને વાત કરી. કેતને પરિચયો લખ્યાં છે, સંપાદિત કર્યાં છે. દરેક Nobel Laureateનાં પરિચય આ પુસ્તકમાં છે. આટલા ટૂંકમાં, અને છતાં મહત્ત્વપૂર્ણ

બધી વિગત સમાવતા પરિચય લખવા એ સહેલાં નથી, બહુ જ પ્રયત્નોથી એણે એ કરેલું છે.

હવે વાત કરું સંપાદકીયની, તો બહુ જ exhaustive, એવા પ્રકારનું સંપાદકીય છે. મોટા ભાગનાં વ્યાખ્યાનોનો નિચોડ એમાં આવી જાય છે. આ મુશ્કેલ કામ છે. પણ ટોપીવાળા સાહેબે જે વાત કરી—ટોપીવાળાસાહેબ એ વખતે ત્યાં લખતા હશે અને હું અહીંયા લખતો હતો—મેં કેતન સાથે પણ પહેલી વખત પુસ્તક જોયું ત્યારે કીધું હતું એમ, અનુવાદકોને તમે આટલાં low, આટલાં underneath કેમ રાખ્યાં છે? આ પુસ્તકનાં સંપાદકીયમાં જ અનુવાદનો જે મહિમા કરવામાં આવ્યો છે એ વાક્યો વંચાઈ ગયા છે, કે કાફ્કા જેવી કૃતિ તમને મળે વગેરે વગેરે. અનુવાદકોનો આટલો મહિમા તમે જ્યારે કરતાં હોવ—અને અનુવાદ પ્રવૃતિ જ, it is almost as creative, બરાબર?! અનુવાદની અમુક ચેષ્ટાઓ મેં પણ કરેલી છે. અનુવાદ કરવાની અને અનુવાદ તપાસવાની એટલે મને ખબર છે કે—ત્યારે આ નામો અનુવાદના છેડે મૂકવાં જેવાં ચોક્કસ નથી. કદાચ અનુવાદકના પાનાં ભરીને ફોટા છાપવાં જવા સુધી હું ના જઉં પણ અનુવાદકોને આટલાં low પ્લે કરવાં એ હું સમજું છું કે .... second edition છપાય, હું ઇચ્છું કે 1000 પ્રતો ખપી જાય, એમ કહેવું સાહસ જ છે, પણ આપણે ઇચ્છીએ કે નવી edition મળે તેમાં આ વસ્તુ કદાચ જોવા મળે. અહીંયા જે age group બેઠું છે એમાં હું તમને નિખાલસતાથી કહું કે આ મારો personal perception છે, મારું પોતાનું mind, મારો પોતાનો respond છે કે આ અનુવાદો વાંચનીય છે, અનુવાદકોએ ભાષા સાથે બહુ મથામણ કરી છે. ક્યાંક તત્સમ્ શબ્દો, ક્યાંક તદ્ભવ શબ્દો, ક્યાંક લોકબોલીના શબ્દો, ક્યાંક અંગ્રેજી શબ્દો એમના એમ .... આ બધી કસરતો તમને અનુવાદમાં દેખાય, આ બધા વ્યાયામો તમને અનુવાદમાં દેખાય. પણ All said and done—બહુ જ વાંચનીય અનુવાદો છે ....

.... પણ જો તમે આમાંથી રંજકતાની અપેક્ષા રાખતા હોવ, એમાં રસિકતાની અપેક્ષા રાખતા હોવ, એમાં હળવાશની અપેક્ષા રાખતા હોવ, એમાં કથાતત્ત્વની અપેક્ષા રાખતા હોવ ... સાદી ભાષામાં કહું તો amusement કે entertainmentની અપેક્ષા રાખતા હોવ તો એ આ પુસ્તકમાં નથી. એટલા માટે નથી, કેમ કે દુનિયાના કેટલાક અત્યંત પ્રતિભાશાળી એવા સર્જકોએ પોતાની સર્જનપ્રક્રિયા, પોતાનાં પરિવેશની વાત કરી છે અને એ ગંભીર જ હોવાની. They are not popular lecturers. થોડાક નુસખા હોય ને થોડા જોકસ હોય એવાં આ વ્યાખ્યાનો નથી. They are serious lectures; they need your concentration, your interest, efforts; when you read it. એટલે આ ખ્યાલ સાથે તમે આ પુસ્તક પાસે જજો .... ખૂબ મળશે. હું માત્ર કેટલાંક પાનાંમાંથી પસાર થયો છું તો પણ મારી આંતર-સમૃદ્ધિ ખૂબ વધી છે, વધશે અને આપની પણ વધો.

તો, આ જે પ્રયત્ન છે અદમ ટંકારવી, પંચમભાઈ શુક્લ, વિપુલભાઈ, અકાદમી અને કેતન .... એ પ્રયત્નો લેખે લાગશે. આ વાતથી મારું અભિવાદન પૂરું કરું છું. આપ સૌનો આભાર.

[1] *1991*નાં વર્ષનાં નોબેલ પારિતોષિક વિજેતા લેખિકા

[2] *Courtesy : www.nobelprize.org/prizes/literature/1991/gordimer/lecture/*

[3] *1997*ના વર્ષના નોબેલ પારિતોષિક વિજેતા લેખક

++++++++++++++++++++++++++

વાંચન માટે ખજાનો મળ્યો.
અભિનંદન અને આભાર :
અદમ ટંકારવી, પંચમ શુક્લ અને ગુજરાતી સાહિત્ય અકાદમી, યુ.કે. ...

પ્રકાશક : ગુજરાતી સાહિત્ય અકાદમી - યુનાઈટેડ કિંગ્ડમ
Gujarati Literary Academy
"Holly Cottage", 13, Ferring Close, Harrow
Middlesex, HA2 0AR, United Kingdom
મુદ્રણ : યુનિક ઓફસેટ, તાવડીપુરા, અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : ગ્રંથવિહાર
ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમમાર્ગ, અમદાવાદ - 380 009
ફોન : +91-79-26587949 | ઈમેલ : granthvihar@yahoo.com
Design, Development & Distribution
EnhancerOnly
Call: +91 98983 32123 | Email: enhanceronly@gmail.com

રસ ધરાવનાર માટે પ્રાપ્તિની વિગતો લખી છે.

– રઈસ મનીઆર –

.,